૬૫૧૫

## જાહેરનામું

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧મી જુલાઇ, ૨૦૧૫.

ભારતનું સંવિધાન. **ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૫/૨/એસએસપી/૧૫૨૦૧૦/૮૪૬૬૪/એ.**: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, વિકસતિ જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, સીવણ સંચાલિકા, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો સીવણ સંચાલિકા, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. વિકસતિ જાતિ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, સીવણ સંચાલિકા, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે..

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૨૯ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) સરકારે માન્ય કરેલી, સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા અથવા ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો એક વર્ષનો ડ્રેસ મેકિંગ કોર્સ (પોષાકનિર્માણ અભ્યાસક્રમ) (એન.સી.વી.ટી. (રાષ્ટ્રીય વ્યવસાય તાલીમ પરિષદ) પેટર્ન) અથવા એક વર્ષનો કોમ્પ્યુટર એડેડ ડ્રેસ મેકિંગ એન્ડ ડ્રેસ ડિઝાઇનીંગ કોર્સ (જી.સી.વી.ટી. (ગુજરાત વ્યવસાય તાલીમ પરિષદ) પેટર્ન)નું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.વી.દેસાઇ,
સરકારના ઉપસચિવ.